Letter No: WCDD/0176/10/2023 Dt: 13-10-2023

નામ ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધીન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતનો હુકમ.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક :WCDD/ICD/Court Case/23/2022/1840/Legal Cell

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા.

1. નામ.હાઇકોર્ટના SCA/8514/2019 ના કેસમાં તા. ૧૯/૧૦/૨૦૨૨ ના રોજનું જજમેન્ટ
2. નિયામકશ્રી આઇસીડીએસ કચેરી ખાતે મળેલ દ્વિતીય ઉપધો મંજુરી માટે મળેલ સમિતીની તા.૧૧/૧૦/૨૦૨૩ ની કાર્યવાહી નોંધ
3. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૩/૧૦/૨૦૨૩ નો પ્રથમ ઉ.પ.ધો માટેનો સમાનાંકી હુકમ

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઇકોર્ટના જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૧ પીટીશનરને તેઓની પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૩) થી નીચેના કોષ્ટક મુજબના પિટીશનરને મુખ્યસેવિકાની સેવામાં ૯ વર્ષ પૂર્ણ થયે નામ.કોર્ટના આદેશ અન્વયે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે. નામ. ગુજરાત હાઇકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને ચુકાદા અનુસાર દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને મુખ્યસેવિકાની સેવામાં પાત્રતા તારીખથી દ્વીતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટના SCA/8514/2019ના કેસમાં આપેલ તા.૧૯/૧૦/૨૦૨૨ના ચુકાદા સામે નામ. સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ | જિલ્લો | નિમણુંક તારીખ | ૨૪ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | મળવાપાત્ર દ્વિતિય ઉ.પ.ધો. તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુશ્રી મધુબેન ઉમેદભાઇ પટેલ | બનાસકાંઠા | ૧૩/૦૧/૧૯૮૬ | તા.૧૨/૦૧/૨૦૧૦ (તા.૩૧/૦૫/૨૦૧૩) નિવૃત્ત થયેલ છે. | ૧૩/૦૧/૨૦૧૦ | આમુખ-૨ |

૩/- ઉક્ત કર્મચારીનું દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. દ્વિતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે:૫૪૦૦ના પગાર ધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઇકોર્ટના SCA/8514/2019ના કેસમાં આપેલ તા.૧૯/૧૦/૨૦૨૨ના ચુકાદાની સામે નામ.સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણાં વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.
5. વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ. ગુજરાત હાઇકોર્ટનાSCA/8514/2019ના કેસમાં આપેલ તા.૧૯/૧૦/૨૦૨૨ ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.
6. જો અધિકારી/કર્મચારીએ બિનપગારી રજા ભોગવેલ હોય અને આ હુકમમાં એ રજાઓ બાદ કરેલ ન હોય એવા કિસ્સાઓમાં સંબંધિત કચેરીએ હુકમો કરતી વખતે ધ્યાને લઇ બિનપગારી રજાઓ દ્વિતીય ઉ.પ.ધોની તારીખમાંથી બાદ કરવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતતાનું કારણ આપીને દ્વિતીય ઉ.પ.ધો આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહીં.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૧૦/૨૦૨૩ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે. આઇ. લેઉવા)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

Letter No: WCDD/0176/10/2023 Dt: 13-10-2023

2. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. બનાસકાંઠા.
5. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
6. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. બનાસકાંઠા.
7. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. બનાસકાંઠા.
9. સબંધિત મુખ્યસેવિકા સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, બનાસકાંઠા)
10. શાખા સિલેકટ ફાઇલ.

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.10.13
18:23:12 +05:30

File No: WCDD/ICD/CourtCase/23/2022/1840/Legal Cell
Approved By: K K Nirala(Secretary,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*